For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# વડોદરાએ વધાવ્યા વડાપ્રધાનને...



## ગરમીને ગણકાર્યા વગર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એક ઝલક મેળવવા જનમેદનીએ કલાકો પ્રતિક્ષા કરી : હરણી રોડ પર ભવ્ય રોડ શો

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરાની જનતા જેની આતુરતાથી રાહ જોઈ રહી હતી, તે પ્રતીક્ષાનો અંત આવ્યો છે. ખાનગી ઈન્સ્ટિટયૂટના લોકાર્પણ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડોદરા આગમન સાથે જ સમગ્ર શહેર ઉત્સાહ અને ઉમંગના હિલોળે ચઢ્યું હતું. ખાસ કરીને પશ્ચિમ બંગાળ અને આસામની ચૂંટણીઓમાં ભાજપની ભવ્ય જીત બાદ વડાપ્રધાન પ્રથમવાર વડોદરા પધારતા કાર્યકરો અને નાગરિકોમાં અભૂતપૂર્વ જોશ જોવા મળ્યો હતો. ભરબપોરે આકરા તાપની પરવા કર્યા વગર હજારોની સંખ્યામાં વડોદરાવાસીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. વડાપ્રધાનનો કાફલો જેવો પસાર થયો કે તરત જ "મોદી.. મોદી.." ના ગગનભેદી નારાઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. વડાપ્રધાને પણ ખુલ્લી જીપમાં સવાર થઈને હાથ હલાવી જનતાનું અભિવાદન ઝીલ્યું હતું. માર્ગની બંને બાજુએ ઉભેલા લોકોએ પુષ્પવર્ષા કરીને તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ ઐતિહાસિક રોડ શોને નિહાળવા માટે લોકોમાં ભારે ક્રેઝ જોવા મળ્યો હતો. યુવાનોથી લઈને વડીલો સુધીના તમામ લોકોએ આ યાદગાર ક્ષણોને પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી હતી. સોશિયલ મીડિયા પર પણ વડોદરાના આ રોડ શોના વીડિયો અને ફોટાઓ છવાઈ ગયા હતા. રોડ શોના સમગ્ર રૂટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. શહેર પોલીસ, એસઓજી, ટ્રાફિક પોલીસ તેમજ વિવિધ સુરક્ષા એજન્સીઓ દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું હતું. અનેક સ્થળોએ ભાજપના કાર્યકરો દ્વારા ઠંડા પાણી, છાશ અને નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી જેથી લોકો ગરમી વચ્ચે પણ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં જોડાઈ શકે. શહેરના મુખ્ય માર્ગો પર કેસરીયા ધ્વજ, બેનરો અને મોદી સમર્થનના પોસ્ટરો સાથે ઉત્સવી માહોલ સર્જાયો હતો. વડોદરાનો આ મિજાજ જોઈને વર્ષો પહેલાંના 'ઓપરેશન સિંદૂર' વખતની યાદો તાજી થઈ ગઈ હતી. આજે ફરી એકવાર આખું વડોદરા 'મોદીમય' બની ગયું હોય તેવું દ્રશ્ય સર્જાયું હતું. આ રોડ શોએ સાબિત કરી દીધું છે કે વડોદરા અને વડાપ્રધાન મોદી વચ્ચેનો અતૂટ નાતો આજે પણ એટલો જ જીવંત અને મજબૂત છે. રોડ શો બાદ ચારેબાજુ ભારે ટ્રાફિક જામ જોવા મળ્યો હતો.

### બંગાળની જીતનો આનંદ છલકાયો



### રોડ શોની સાથે સાથે....













### ઈંધણ બચાવો, સોનુ ખરીદવાનું ટાળો : વિકાસ અને આત્મનિર્ભરતાનો સંદેશ

# વડાપ્રધાનની 'વોકલ ફોર લોકલ' અને સંયમિત જીવનશૈલી અપનાવવા અપીલ

### શિક્ષણ, યુવા શક્તિ, મહિલા સશક્તિકરણ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ગુજરાતને ગણાવ્યું દેશનું ગ્રોથ એન્જિન

( પ્રતિનિધિ ) વડોદરા, તા.11વડોદરા ખાતે વાઘોડિયા ચોકડી નજીક સરદારધામના લોકાર્પણ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના આર્થિક, સામાજિક અને વૈશ્વિક પડકારોને ધ્યાનમાં રાખી દેશવાસીઓને આત્મનિર્ભરતા અને સંયમિત જીવનશૈલી અપનાવવાનો સંદેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં દેશની વિદેશી મુદ્રા ઉપર ભારણ ઓછું કરવું સમયની માંગ બની છે અને તે માટે 'વોકલ ફોર લોકલ'ને જનઆંદોલન બનાવવું જરૂરી છે. વડાપ્રધાને કહ્યું હતું કે કોરોના મહામારી, વૈશ્વિક આર્થિક સંકટો અને પશ્ચિમ એશિયામાં વધતા સંઘર્ષોના કારણે સમગ્ર વિશ્વ પ્રભાવિત થયું છે અને ભારત પણ તેમાંથી અસ્પર્શિત નથી.

આવી સ્થિતિમાં દેશના સામાન્ય નાગરિકો ઉપર ઓછામાં ઓછો બોજ પડે તે માટે સરકાર સતત પ્રયાસરત છે. તેમણે નાગરિકોને પેટ્રોલ-ડીઝલનો મર્યાદિત ઉપયોગ કરવા, મેટ્રો, ઈલેક્ટ્રિક બસ અને જાહેર પરિવહન તરફ વળવા, કારપૂલિંગને પ્રોત્સાહન આપવા તેમજ વર્ચ્યુઅલ મિટિંગ્સ અને વર્ક ફ્રોમ હોમ જેવી પદ્ધતિઓ અપનાવવાની અપીલ કરી હતી. તેમણે ખાદ્ય તેલના મર્યાદિત ઉપયોગ, સ્વસ્થ જીવનશૈલી અને વિદેશી ઉત્પાદનો ઉપરની નિર્ભરતા ઘટાડવા ઉપર પણ ભાર મૂક્યો હતો. સોનાની આયાતથી દેશની વિદેશી મુદ્રા ઉપર પડતા બોજનો ઉલ્લેખ કરતાં તેમણે હાલની પરિસ્થિતિ સામાન્ય ન બને ત્યાં સુધી સોનાની ખરીદી ટાળવા પણ અનુરોધ કર્યો હતો.




### ગુજરાત બનશે મેન્યુફેક્ચરિંગ અને ટેક્નોલોજીનું શક્તિકેન્દ્ર

વડાપ્રધાને ગુજરાતના વિકાસ મોડલની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે સેમિકન્ડક્ટર, એરોસ્પેસ, ગ્રીન એનર્જી, એડવાન્સ એન્જિનિયરિંગ અને ફાઈનાન્સિયલ સર્વિસિસ જેવા ક્ષેત્રોમાં ગુજરાત નવી ઓળખ ઉભી કરી રહ્યું છે. સાણંદ, ધોલેરા અને સુરતમાં સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ ઝડપથી આગળ વધી રહ્યા છે ત્યારે વડોદરા મેન્યુફેક્ચરિંગ અને પરિવહન ક્ષેત્રે મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.વડોદરામાં નિર્મિત મેટ્રો કોચીસ વિદેશોમાં નિકાસ થઈ રહી હોવાનું અને સાંવલી ખાતે આધુનિક રેલ કોચીસનું ઉત્પાદન થઈ રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. એન્જિનિયરિંગ, કેમિકલ, ફાર્મા, હેવી મશીનરી અને પાવર ઇક્વિપમેન્ટ ક્ષેત્રે વડોદરા દેશનું મજબૂત ઉત્પાદન કેન્દ્ર બની રહ્યું હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

### કોર્પોરેટર દીઠ 2, વોર્ડ પ્રમુખ દીઠ 1 બસનો ટાર્ગેટ હતો

## PM મોદીના વડોદરા રોડ-શો માટે ભાજપનો બસ પ્લાન સફળ

( પ્રતિનિધિ ) વડોદરા, તા.11

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડોદરા ખાતેના કાર્યક્રમ અને રોડ-શોમાં જનમેદની એકત્ર કરવા માટે ભાજપ મોવડી મંડળે કોર્પોરેટરો અને વોર્ડ પ્રમુખોને બસ ભરવાનો ટાર્ગેટ આપ્યો હતો. શહેરના 19 વોર્ડના દરેક કોર્પોરેટરને બે બસ અને વોર્ડ પ્રમુખને એક બસ એમ એક વોર્ડ દીઠ કુલ 9 બસોમાં લોકોને લઈ જવાનો આદેશ અપાયો હતો.

આદેશના પગલે વિવિધ વોર્ડના જુદા-જુદા વિસ્તારોમાં બપોરથી જ બસો મૂકી દેવામાં આવી હતી. કાર્યકરો લોકોને કાર્યક્રમ સ્થળે લઈ જવા માટે ઘરે-ઘરે સંપર્ક કરી રહ્યા હતા. ચાર કોર્પોરેટરો દીઠ આઠ બસના હિસાબે શહેરભરમાંથી મોટી સંખ્યામાં બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી.

જોકે, ભાજપના જ આંતરિક સૂત્રો મુજબ 43 ડિગ્રીને પાર પહોંચેલી કાળઝાળ ગરમીના કારણે આયોજન પર પાણી ફરી વળે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી હતી. લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી રહ્યા હતા અને બપોરે ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા હતા. જેના કારણે બસોમાં ભીડ નહિવત દેખાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.

પક્ષના સૂત્રોનું માનવું હતું કે બપોરે ગરમીના કારણે ભલે લોકો ઓછા નીકળ્યા હોય, પરંતુ સાંજે તાપમાન ઘટતા જ પીએમ મોદીના રોડ-શોમાં જનમેદની ઉમટી પડશે. વડાપ્રધાનની એક ઝલક નિહાળવા માટે લોકો મોટી સંખ્યામાં રસ્તા પર આવશે તેવું અનુમાન લગાવવામાં આવ્યું હતું. સ્થાનિક નેતાઓ અને કાર્યકરો ટાર્ગેટ પૂરો કરવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા હતા. હવે જોવાનું રહ્યું હતું કે કાળઝાળ ગરમી વચ્ચે ભાજપનો બસ પ્લાન કેટલો સફળ રહ્યો હતો.

### ખાણી-પીણીની શાહી વ્યવસ્થા કરાઈ હતી

## વડોદરામાં 'મોદી મૅજિક': ઝલક મેળવવા જનસૈલાબ ઉમટ્યો

( પ્રતિનિધિ ) વડોદરા, તા.11

વડોદરાના આંગણે લોકપ્રિય નેતા અને પ્રધાનમંત્રી Narendra Modiના ભવ્ય રોડ શોને લઈ સમગ્ર શહેરમાં અભૂતપૂર્વ ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. પીએમ મોદીના સ્વાગત માટે ઉમટી પડનારી લાખોની જનમેદની અને કાર્યકરોને કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તે માટે સંગઠન દ્વારા પૂરતી તકેદારી રાખવામાં આવી હતી. ખાસ કરીને શહેરના વિવિધ વિસ્તારોમાંથી આવતા લોકો માટે 300 જેટલી બસો ફાળવવામાં આવી હતી, જેમાં ભોજન અને પીવાના પાણીની ચુસ્ત વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રધાનમંત્રીના રોડ શોમાં જોડાવા માટે પોલો ગ્રાઉન્ડ ખાતે મોટી સંખ્યામાં કાર્યકરો એકત્રિત થયા હતા. અહીંથી ઉપડનારી 50 જેટલી વિશેષ બસોમાં કાર્યકરો માટે પૌષ્ટિક નાસ્તો અને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. કાર્યકરો વહેલી સવારથી જ કાર્યક્રમમાં જોડાયા હોવાથી તેમના માટે અલ્પાહારની વ્યવસ્થા બસમાં જ કરવામાં આવી હતી. પીએમ મોદીની એક ઝલક મેળવવા માટે શહેરના દરેક વોર્ડમાંથી પબ્લિક બસો ભરીને આવી હતી. આ બસોમાં આવતા નાગરિકો માટે પરંપરાગત ગુજરાતી નાસ્તો એટલે કે બુંદી-ગાંઠિયાના પેકેટ્સ તૈયાર રાખવામાં આવ્યા હતા. ગરમીના પારાને ધ્યાનમાં રાખીને લોકોની સુખાકારી માટે ઠંડા પાણીના કેન અને એનર્જી આપતા જ્યુસના પાઉચની પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી રોડ શો દરમિયાન કોઈને પણ ડિહાઈડ્રેશનની સમસ્યા ન થઈ હતી. રોડ શોના રૂટ પર આવતા તમામ લોકો માટે ખાસ ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવ્યા હતા. આ પેકેટ્સમાં નાસ્તો અને ઠંડા પીણાંનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### ભારતીય સંસ્કૃતિની ઝાંખીઓ















